# GOKULIYA JEVU GIR LYRICS | GEETA RABARI

હે… હરિયાળી ગીરમાં મારા નેહડા માધવજી
હે… ગાંડી રે ગીરમાં મારા નેહડા માધવજી
માલ અમારે ગાયો વાછરડા ઠાકરજી

હે… વાઘ વરૂને હોય દીપડા રે, હોય દીપડા રે
ગાંડી આ ગીરને સુના વગડા ઠાકરજી
હે… ગીરના છેડે મારા નેહડા માધવજી
હે… ગરિધારે મારા નેહડા માધવજી

હો… આખો દી ચારયિંને હાંજે વાળે વળીયે
રાતે ઉઠીને અમે માલને હંભાળીયે
આખો દી ચારયિંને હાંજે વાળે વળીયે
રાતે ઉઠીને અમે માલને હંભાળીયે

હે… પ્રભાતે પાછા ઉઠી છોડીયે રે, ચરવા છોડીયે રે
વાછરડા વાડામાં પાછા વાળીયે વાલમજી
હે… વાછરડા વાડામાં પાછા વાળીયે વાલમજી
હે… ઘેલુડી ગીરમાં મારા નેહડા માધવજી

હો… નર તાણે નેતરાને ગાજે રે વલોણા
નારીયો વાળી ચાળી થાપી આવે છાણા
હો… નર તાણે નેતરાને ગાજે રે વલોણા
નારીયો વાળી ચાળી થાપી આવે છાણા

હે… પંખીયો ચારે કોર કરે કલ છોર, રૂડા કરે કલ છોર
ગોકુળીયા જેવું મારૂં ગીર રે ગોવદિંજી
હે… ગોકુળીયા જેવું મારૂં ગીર રે ગોવદિંજી
હે… ગરિધારે મારા નેહડા માધવજી

હો… દેશી નળીયા વાળા ઘરનો આ નેહ છે
માયાળો માનવીને મીઠા એના સ્નેહ છે
દેશી નળીયા વાળો અમારો આ નેહ છે
માયાળું માનવીને મીઠો એનો સ્નેહ છે

હે જાણે મોહાળમાં પરોમણા રે, વાલા પરોમણા રે
મનુ કે મને એવું લાગ્યું રે ઠાકરજી
હે… મનુ કે મને એવું લાગ્યું રે ઠાકરજી
હે… મનુ કે મને એવું લાગ્યું રે ઠાકરજી

હે… ગીરના છેડે મારા નેહડા માધવજી
હે… હરિયાળી ગીરમાં મારા નેહડા માધવજી.

GujaratiLyrics.com